RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 193* Date: 11.05.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## કોરોના દુનિયામાં ૬.૪૯ લાખ નવા કેસ, ૧૦,૨૦૬ લોકો મૃત્યુ પામ્યા

વોશિંગ્ટન,તા.૧૦

વિશ્વના ઘણા દેશો હાલના દિવસોમાં કોરોનાના જોખમ સામે સંઘર્ષ કરી રહ્યા છે. ગઈકાલે દુનિયામાં ૬ લાખ ૪૯ હજાર ૧૪૦ લોકોમાં કોરોનાની પુષ્ટિ થઈ હતી. આ દરમિયાન ૧૦,૨૦૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ દરમિયાન રાહતભર્યા સમાચાર અમેરિકાથી આવ્યા છે, જ્યાં દરરોજ સંક્રમિત લોકોની સંખ્યા ઘટીને ૨૫ હજારની નીચે પહોંચી ગઈ છે. ગઈકાલે અહીં કોરોનાના માત્ર ૨૨,૨૦૦ કેસ નોંધાયા હતા. આ આંકડો ગત વર્ષે ૧૬ જૂન (૨૬,૫૩૦) બાદનો સૌથી ઓછો છે.

આ વર્ષની શરૂઆતમાં ઉત્તર બ્રાઝિલ, મેક્સિકો અને અન્ય કેટલાક સ્થળોએ ઓક્સિજનનો અભાવ જીવલેણ બની ગયો. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ઓક્સિજનના ભાવ પર એક ઈમરજન્સી ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. ગ્લોબલ સપોર્ટ ગ્રુપ અનુસાર, છેલ્લા બે મહિનામાં વિશ્વમાં દરરોજ મેડિકલ ઓક્સિજનનો ઘટાડો ૯૦ લાખ ક્યૂબિક મીટરથી ત્રણ ગણો વધીને ૨ કરોડ ૮૦ લાખ ક્યૂબિક મીટર થયો છે. એટલે કે ઓક્સિજનની આટલી જરૂરિયાત પૂરી થઈ શકી નથી. જેમાંનો અડધો ભાગ ભારતમાં છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે ભારત જેવી મુશ્કેલીઓ અન્ય દેશોમાં પણ આવી શકે છે.

અમેરિકામાં રોગ નિયંત્રણ કેન્દ્રો (સીડીસી) કહે છે કે જે લોકોને વેક્સિન અપાઈ ચૂકી છે તેઓ માસ્ક વિના પણ રૂમની અંદર, હોલમાં ભેગા થઈ શકે છે. છ ફૂટના અંતરનો નિયમ પણ હળવો કરવામાં આવ્યો છે. તેમ છતાં, ઘણી વખત, નાઈટક્લબે વેક્સિન લીધાના પુરાવા આપવા માટે વેક્સિનેશન કાર્ડ જરૂરી બનાવ્યું છે. ક્લબ્સના બોલરૂમમાં ડાન્સ કરતા ગ્રુપ માટે સફેદ ટેપથી વિવિધ જગ્યાને ઘેરી લેવામાં આવે છે. ખાસ કરીને ન્યૂયોર્ક સિટી અને આસપાસના વિસ્તારોમાં પાર્ટીઓમાં ફક્ત વેક્સિન લીધેલા લોકોને જ પ્રવેશની મંજૂરી છે.

## દેશમાં કોરોનાના ૩.૬૬ લાખ નવા કેસ, ૩,૭૪૭નાં મોત

ન્યુ દિલ્હી,તા.૧૦

દેશમાં કોરોનાની બીજી લહેર વચ્ચે સોમવારે રાહતના સમાચાર આવ્યા. નવા દર્દીઓની સંખ્યા ૫ દિવસમાં પ્રથમ વખત ૪ લાખથી નીચે આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૩ લાખ ૬૬ હજાર ૩૧૭ લોકોમાં કોરોનાએ પુષ્ટિ થઈ. ૩ લાખ ૫૩ હજાર ૫૮૦ લોકો પણ સ્વસ્થ થયા, જ્યારે ૩,૭૪૭ લોકોએ જીવ ગુમાવ્યો. આ રીતે એક્ટિવ કેસની સંખ્યા, એટલે કે દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે, એમાં ફક્ત ૮,૯૦૭નો વધારો થયો છે. છેલ્લા ૫૫ દિવસમાં આ સૌથી ઓછા છે. આ પહેલાં ૧૫ માર્ચે ૪,૧૦૩ એક્ટિવ કેસ વધ્યા હતા.

દેશનાં ૧૮ રાજયમાં સંપૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. એમાં હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, મિઝોરમ, ગોવા અને પુડુચેરી. પહેલાંના લોકડાઉન જેવા કડક પ્રતિબંધો છે.

દેશનાં ૧૪ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંશિક લોકડાઉન છે, એટલે કે અહીં પ્રતિબંધો છે, પણ છૂટ પણ છે. આમાં જમ્મુ-કાશ્મીર, લદાખ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, નાગાલેન્ડ, આસામ, મણિપુર, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ગુજરાત સામેલ છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૧૫૯૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૬૯૨૬૦૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૧૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૪૯૩૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૫૪૭૫૭૧**

### અમે સમજી વિચારીને વેક્સીનેશન પોલિસી બનાવી છે, અમારા પર ભરોસો કરો

# મોદી સરકારનો સુપ્રિમમાં જવાબ, 'કોર્ટે હસ્તક્ષેપ કરવાની જરૂરત નથી,




*ન્યુ દિલ્હી,તા.૧૦*

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે રવિવારે સુપ્રીમ કોર્ટમાં વેક્સીનેશન પૉલિસીને લઈ સોગંધનામું દાખલ કરી જવાબ આપ્યો છે. આ સોગંધનામામાં કેન્દ્ર સરકારે વેક્સીન પૉલિસીને લઈ સુપ્રીમ કોર્ટને કહ્યું કે તમે અમારા પર વિશ્વાસ કરો, આ મામલે કોર્ટે દખલગીરી કરવાની જરૂરત નથી. દેશમાં રસિકરણ અભિયાન માટે અમે બહુ સમજી વિચારીને વેક્સીનેશન પોલિસી બનાવી છે. વેક્સીનેશન નીતિનો બચાવ કરતાં કેન્દ્રએ કહ્યું કે આ મામલે કોર્ટે હસ્તક્ષેપ કરવાની જરૂરત નથી.

કેન્દ્રએ આગળ કહ્યું કે મહામારી પોતાની ચરમ સીમા પર છે, એવામાં બધાનું વેક્સીનેશન એકસાથે ના થઈ શકે, અમારી પાસે વેક્સીનની સીમિત માત્રા ઉપલબ્ધ છે. પરંતુ છતાં પણ અમારી નીતિ છે કે દેશના તમામ નાગરિકોને સમાન રૂપે વેક્સીન મળે. બધાને સમાન રૂપે વેક્સીનેટ કઈ રીતે કરી શકાય, તેની કિંમત શું હશે... આ બધી વાતો પર ઊંડા ચિંતન-વિચાર બાદ જ અમે વેક્સીનેશન પોલિસી બનાવી છે. આ નીતિ ન્યાયસંગત છે, કોઈ સાથે અમે ભેદભાવ નથી કર્યો અને કરશું પણ નહિ.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ૨૦૦ પાનાનું સોગંધનામું દાખલ કર્યું હતું. જેમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલી કોવિડ ૧૦ વેક્સીન માટે નવી ઉદારીકૃત મૂલ્ય નીતિ વેક્સીન કકવરેજને વધારવા માટે, વેક્સીન નિર્માતા કંપનીઓના પ્રોડક્શન તેજીથી વધારવા માટે અને નવી વેક્સીન નિર્માતા કંપનીઓને આકર્ષિત કરવા માટે છે.

સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કેન્દ્ર સરકારને કોરોના વેક્સીન સસ્તી મળી રહી છે જ્યારે રાજ્ય સરકારને મોંઘી કેમ મળી રહી છે? આ સવાલનો જવાબ આપતાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે ૧૮થી ૪૪ વર્ષના લોકોને વેક્સીનેટ કરવાની મંજૂરી રાજ્યના અનુરોધ પર જ આપવામાં આવી છે. કેન્દ્રએ વેક્સીન નિર્માતા કંપનીઓને એક સમાન રૂપે તમામ રાજ્યોને વેક્સીન આપૂર્તિ માટે રાજી કરી છે. એક રાજ્યએ વધુ પૈસા આપવા પડી રહ્યા હોય અને બીજા રાજ્યએ ઓછા આપવા પડી રહ્યા હોય તેવું નથી.

કેન્દ્ર સરકારે કહ્યું કે, અમને વેક્સીન થોડી સસ્તી એટલા માટે મળી રહી છે કેમ કે અમે વેક્સીન નિર્માતા કંપનીઓને વધુ ઓર્ડર આપ્યા છે અને કંપનીને ડિપોઝિટ તરીકે થોડી રકમ પણ આપી છે.

વધુમાં કેન્દ્ર સરકારે કહ્યું કે રાજ્યોને જે વેક્સીન ક્વૉટા અલોટ થશે, તેમાંથી ૫૦ ટકા વેક્સીન ખાનગી કંપનીઓ અથવા ખાનગી હોસ્પિટલને આપવાની થશે. કિંમત ચૂકવી શકે છે તે લોકો પ્રાઈવેટ હોસ્પિટલમાં વેક્સીન લેશે. આનાથી રાજ્ય સરકાર પર બોજો ઘટશે.

## કોરોના-રસીઓ, દવાઓને જીએસટીમાંથી મુક્તિ આપવાનો નાણાંપ્રધાનનો ઈનકાર

ન્યુ દિલ્હી,તા.૧૦

કોરોનાવાઈરસ પ્રતિરોધક રસીઓ, દવાઓ અને ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સને ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)માંથી બાકાત રાખવાની શક્યતાને કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામને નકારી કાઢી છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વિનંતી કરી હતી કે કોરોના-દર્દીઓની સારવાર માટે જરૂરી તમામ જીવનરક્ષક દવાઓ, તબીબી સાધનસામગ્રીઓને જીએસટીમાંથી બાકાત રાખવી જોઈએ. હાલ રસીઓની વ્યાપારી આયાત પર અને સ્થાનિક પૂરવઠા પર પાંચ ટકા જીએસટી લાગુ કરવામાં આવ્યો છે, જ્યારે કોવિડ-૧૯ દવાઓ અને ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ પર ૧૨ ટકા વેરો લગાડવામાં આવ્યો છે. પત્રના પ્રતિસાદમાં, સીતારામને કહ્યું છે કે આ પ્રકારની મુક્તિઓ આપવાથી જીવનરક્ષક ચીજવસ્તુઓ ગ્રાહકો માટે વધારે મોંઘી બની જાય, કારણ કે ઉત્પાદકો કાચા માલ પર ચૂકવેલા કરવેરાને સરભર કરવામાં સક્ષમ નહીં બની શકે અને તે બોજો આખરે ગ્રાહકો કે નાગરિકો પર નાખી દેશે – રસી/દવા/તબીબી સાધનસામગ્રીની કિંમત વધારી દઈને. હાલ, વૅક્સિનના સ્થાનિક પુરવઠા અને કમર્શિયલ આયાત પર પાંચ ટકા તો કોરોનાની દવા અને ઑક્સિજન કૉન્સન્ટ્રેટર પર ૧૨ ટકા જીએસટી ભરવો પડી રહ્યો છે.

જો આ વસ્તુઓને જીએસટીમાં સંપૂર્ણ મુક્તિ આપવામાં આવશે તો વૅક્સિનના ઉત્પાદકો માલ પર ભરેલા કરવેરાનું રિફંડ નહીં મેળવી શકે અને તેને કારણે વસ્તુની વધેલી કિંમતનો બોજો ગ્રાહકો પર આવશે, એમ તેમણે કહ્યું હતું.

પાંચ ટકા જીએસટી ઉત્પાદકોને એ બાંયધરી આપે છે કે તેઓ આઈટીસીનો ઉપયોગ કરી શકશે અને જો આઈટીસી વધી જાય તો તેવા સંજોગોમાં તેઓ રિફંડનો દાવો કરી શકશે.

કોવિડની દવાને જીએસટીમાંથી મુક્તિ આપવાથી ગ્રાહકોને નુકસાન થશે, એમ નિર્મલા સીતારમણે ટ્વિટર પરના સંદેશામાં કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે કોઈ વસ્તુ પર રૂ. ૧૦૦ (આઈજીએસટી) ઈન્ટીગ્રેટેડ જીએસટી વસૂલવામાં આવે તો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પ્રત્યેકને અનુક્રમે સીજીએસટી (સેન્ટ્રલ જીએસટી) અને એસજીએસટી (સ્ટેટ જીએસટી) પેટે રૂ. ૫૦ મળે છે. વધુમાં સીજીએસટીની આવકના ૪૧ ટકા રાજ્ય સરકારને મળે છે. મતલબ કુલ વસૂલવામાં આવેલા રૂ. ૧૦૦માંથી રાજ્યને રૂ. ૭૦.૫૦ મળે છે.

વૅક્સિન પર વસૂલવામાં આવેલા જીએસટીમાંથી અડધા કેન્દ્ર સરકારને તો અડધા રાજ્ય સરકારને મળે છે. કેન્દ્ર સરકારને મળેલી જીએસટીની રકમમાંથી પણ ૪૧ ટકા રાજ્ય સરકારને જાય છે. મતલબ વૅક્સિન પર વસૂલવામાં આવેલી જીએસટીની રકમમાંથી ૭૦ ટકા કરતા પણ વધુ રકમ રાજ્યના ફાળે જાય છે, એમ તેમણે કહ્યું હતું.

કોરોનાની દવા કે વૅક્સિન પર નજીવો પાંચ ટકા જીએસટી વસૂલવો એ સ્થાનિક ઉત્પાદકો અને નાગરિકો બંનેના હિતમાં હોવાનું તેમણે કહ્યું હતું.

## કોરોના વાયરસ એક જૈવિક હથિયાર! અમેરિકાને મળ્યા દસ્તાવેજ

વોશિંગ્ટન,તા.૧૦

કોરોના વાયરસ પર ચીનના દાવાઓને સ્વીકાર કરવા કોઈ તૈયાર નથી. ચારેય બાજુ એક પ્રશ્ન છે કે જે ચીનમાં કોરોના વાયરસ પેદા થયો છે એ દેશ આટલો સુરક્ષિત કઈ રીતે છે? કેવી રીતે ચીનમાં ૬થી ૮ મહિનામાં જિંદગી પાટા પર આવી ગઈ, જ્યારે ભારત સહિત દુનિયાના અનેક દેશ ૨ વર્ષથી આ બીમારીનો સામનો કરી રહ્યા છે. હવે એક નવા ખુલાસાથી કોરોના વાયરસને લઈને ચીનના ઈરાદાઓ પર શક વધારે ઊંડો બન્યો છે. આ રિપોર્ટ ૨૦૧૫ના ઘટનાક્રમ સાથે જોડાયેલો છે, જ્યારે દુનિયામાં કોરોના વાયરસના ઘાતક પ્રભાવથી લોકો અજાણ હતા, પરંતુ ચીન એ સમયે કોરોના વાયરસને હથિયાર તરીકે ઉપયોગ કરવા વિશે તપાસ કરી રહ્યું હતુ.

એટલું જ નહીં, સંભાવના છે કે ચીની સૈન્ય વૈજ્ઞાનિકોએ ત્રીજુ વિશ્વ યુદ્ધ જૈવિક હથિયારથી લડવાની ભવિષ્યવાણી કરી હતી. અમેરિકન વિદેશ વિભાગને પ્રાપ્ત થયેલા ખુફિયા દસ્તાવેજોના હવાથી મીડિયા રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. બ્રિટનના 'ધ સન' ન્યૂઝ પેપરે ઑસ્ટ્રેલિયાના સમાચાર પત્ર 'ધ ઑસ્ટ્રેલિયન'ના રિપોર્ટ પ્રમાણે કહ્યું છે કે, અમેરિકન વિદેશ વિભાગને હાથ લાગેલા 'બોમ્બશેલ' એટલે કે વિસ્ફોટક જાણકારી પ્રમાણે ચીની સેના PLAના કમાન્ડર આ કુટિલ પૂર્વાનુમાન લગાવી રહ્યા હતા. અમેરિકન અધિકારીને મળેલા આ કથિત દસ્તાવેજ વર્ષ ૨૦૧૫માં સૈન્ય વૈજ્ઞાનિકો અને ચીનના સ્વાસ્થ્ય અધિકારીઓ દ્વારા લખવામાં આવ્યા હતા, જે ખુદ કોવિડ-૧૯ વિશે તપાસ કરી રહ્યા હતા.

## દુનિયાના દેશોમાં રસીકરણ ફ્રિ પણ ભારતમાં પ્રાઈવેટ હોસ્પિટલમાં રસીની કિંમત ૬ ગણી

ન્યુ દિલ્હી,તા.૧૦

ભારતમાં ખાનગી હોસ્પિટલોમાં કોરોના વેકસીનની કિંમત ૬ ગણી વધી ગઈ છે પહેલા કોવિશિલ્ડ રૂ.૨૫૦માં લગાવાતી હતી હવે તેના ૭૦૦થી ૯૦૦ વસુલાય છે. આ જ રીતે કોવેકિસન માટે પ્રાઈવેટ હોસ્પિટલો ૧૨૫૦થી ૧૫૦૦ રૂપિયા વસુલી રહયા છે. પ્રાઈવેટ સેકટરની ૪ હોસ્પિટલ ગ્રુપ વેકસીનેશનમાં સામેલ છે જેમાં એપોલો, મેકસ, ફોર્ટિસ અને મણીયાલ સામેલ છે. મોટા ભાગના દેશોમાં વેકસીન મફતમાં અપાય છે પણ ભારત એવા કેટલાક દેશોમાં સામેલ છે જયાં લોકોને વેકસીન માટે ગજવામાંથી ખર્ચ કરવા પડે છે. સાથે જ ભારત એવા દેશોમાં સામેલ છે જયા પ્રાઈવેટ સેકટરમાં વેકસીનની કિંમત સૌથી વધુ છે. દેશમાં પ્રાઈવેટ હોસ્પિટલમાં કોવિશિલ્ડ લગાવવાનો ખર્ચ ૧૨ ડોલર તો કોવિકસિન લગાવવાનો ખર્ચ ૧૭ ડોલર છે.

કોરોનાની લડાઈમાં રસીને એક હથિયાર મનાઈ રહ્યુ છે. સરકારે ૧૮ વર્ષથી વધારે ઉંમરના લોકોને રસી લગાવવાની અપીલ કરી છે. પરંતુ રસીના ભાવને લઈને હોબાળો થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે પ્રાઈવેટ સેકટરને ૨૫૦ રુપિયામાં અપાઈ રહેલી રસીની કિંમત ૬ ગણા સુધી વધી ગઈ છે. ભારતમાં સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાએ કોવિશીલ્ડ રસીની કિંમત ૭૦૦થી ૯૦૦ રુપિયા જયારે ભારતની બાયોટેક દ્વારા નિર્મિત કોવૈકિસનની કિંમત ૧૨૫૦થી ૧૫૦૦ સુધી પહોંચી ગઈ છે.

એક મીડિયા રિપોર્ટ મુજબ કોવિન વેબસાઈટથી ખબર પડે છે કે તમામ ખાનગી સેકટરમાં રસીકરણના ચાર મોટા કોર્પોરેટ હોસ્પિટલ જ સામે આવ્યા છે. જેમાં એપોલો, મૈકસ, ફોર્ટિસ અને મણિપાલ છે. ભારત સહિત દુનિયાભરના દેશોમાં રસીની કિંમતમાં અસમાનતા છે. ઉલ્લેખનીય છે દેશનો મોટો ભાગ રસીકરણ માટે પોતાના ખિસ્સાના પૈસા ખર્ચવા નથી માંગતા. તેનું સૌથી મોટુ કારણ ભારતમાં પ્રાઈવેટ સેકટરમાં વધી રહેલી રસીની કિંમત. ભારતમાં કોવિશિલ્ડનો એક ડોઝ મેળવવા માટે લગભગ ૧૨ ડોલર અને કોવાકિસન માટે ૧૭ ડોલર આપવો પડી રહ્યો છે.

ભારતમાં જયારે રસીની શરુઆત થઈ હતી. ત્યારે તે સમેય કેન્દ્ર ૨ ડોઝ માટે ૧૫૦ રુપિયા સુધીની ચૂકવણી કરી રહ્યુ હતુ. રાજય સરકારો તથા ખાનગી હોસ્પિટલો માંગ કરી રહી હતી.

## જો સરકારે પોતાનુ કામ કર્યુ હોત તો વિદેશી સહાય ના માંગવી પડત -રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૦

ભારત હાલમાં કોરોના વાયરસની બીજી લહેરથી પસાર થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, ઘણા દેશો ભારતની મદદ માટે આગળ આવ્યા છે અને ભારતને ઈમરજન્સી મેડિકલ સપ્લાય મોકલી રહ્યા છે. બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સે મે મહિનાની શરૂઆતમાં વેન્ટિલેટર, દવાઓ અને ઓક્સિજન ભારતમાં પહોંચાડ્યા હતા.

રવિવાર સુધીમાં, ૩૦૦ ટન રાહત પુરવઠો ૨૫ વિમાન દ્વારા દિલ્હી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પહોંચ્યો હતો. કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીએ વિદેશથી ભારતને મળેલી મદદને લઈને સરકાર પર એકવાર ફરી કટાક્ષ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે ટ્વિટ કર્યું હતું કે, 'વિદેશી સહાય મેળવ્યા પર ભારત સરકાર દ્વારા વારંવાર છાતી ઠોકવી દુઃખદ છે. જો ભારત સરકારે તેનું કામ કર્યું હોત, તો આ થયું જ ન હોત.'

કોંગ્રેસે ગયા અઠવાડિયે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરી હતી કે વિવિધ દેશોમાંથી ભારતને મળેલી રાહત સામગ્રીથી સંબંધિત માહિતી જાહેર કરવામાં આવે. બ્રિટન, અમેરિકા ઉપરાંત ફ્રાન્સ પણ ભારતને રોગચાળાથી બહાર નિકળવા મદદ કરવા આગળ આવ્યું છે. ગયા રવિવારે, ફ્રાંસે ૮ મોટા ઓક્સિજન પ્લાન્ટ્સ સહિત ૨૮ ટન તબીબી પુરવઠો પહોંચાડ્યો છે. ફ્રાન્સનાં વિશેષ કાર્ગો વિમાન દ્વારા ભારતને ૧૭ કરોડ રૂપિયાથી વધુની સહાય મોકલવામાં આવી છે. જોકે, વિદેશોથી મળી રહેલી મદદને યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ સપ્લાઈ ન હોવાના કારણે ભારત સરકાર પર સવાલ ઉભા થયા છે, તેમ છતાં સરકારનું કહેવું છે કે, તે વિદેશોથી મળી રહેલી મદદને યોગ્ય સમય પર સપ્લાઈ કરવા માટે રાત-દિવસ કામ કરી રહ્યું છે.

કોરોનાવાયરસનાં નવા કેસોએ સરકારની ચિંતા વધારી દીધી છે. રાજય સરકારોએ કોરોનાને નિયંત્રિત કરવા માટે લોકડાઉન સહિતનાં લોકડાઉન લાગુ કરવાનુ શરૂ કરી દીધુ છે. જો કે, તે વધારે અસર કરે તેવું લાગતું નથી. સોમવારે, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં ૩.૬૬ લાખ નવા કેસ નોંધાયા હતા અને ૩૭૫૪ લોકોનાં મોત નીપજયાં હતાં. તાજેતરનાં સમયમાં આવેલા ડેટાની તુલનામાં, આજે ઘણા ઓછા કેસ નોંધાયા છે.

## તંત્રી સ્થાનેથી...

### દેશ-વિદેશના તજજ્ઞો તેમજ સંસ્થાઓ સહિતનાની ટીકાઓ છતા નેતાઓ મૌન....!?

***દેશમાં ૨૦૨૦ થી આવેલા કોરોના વાયરસના અત્યારના સમય સુધીમા ઘણા અપ ડાઉન આવ્યા. શરૂઆતના તબક્કે મતલબ ગત વર્ષમાં લોકો માસ્ક, દવાઓ અને સેનેટાઈઝર માટે લાઈન લગાવતા હતા તો સરકારી- અર્ધસરકારી કચેરીઓ તેમજ બિઝનેસ સેન્ટરો- બિલ્ડિંગડોમાં પ્રવેશદ્વાર પર સેનેટાઝર ચેમ્બરો ઊભી કરવામાં આવી હતી. તેમજ જે તે શહેરોમાં સેનેટાઈઝર લીક્વિડ વાહનો મારફતે સ્પ્રે-છંટકાવ કરવામાં આવતુ હતું. મોટા ભાગની ઓફિસોમાં સેનીટાઇઝર બોટલો રાખવામાં આવતી હતી. જ્યારે કે ૨૦૨૧ ની બીજી કોરોના લહેરમાં માત્ર ઓફિસમાં જ સેનેટાઈઝર બોટલો દેખાય છે બાકીનું બધું મોટા ભાગે ગાયબ છે..... અત્યારની કોરોનાની બીજી લહેરે ખૂબજ ક્રિટીકલ કન્ડીશન પેદા કરી છે. દરેક લોકોના મોઢે માસ્ક તો અવશ્ય દેખાય છે.... પરંતુ આ બીજી લહેરમાં હોસ્પિટલ સહિત અનેક સ્થળે ઓક્સિજન ન મળતા અનેકોના મોત થઈ રહ્યા છે તો ક્યાંક ઓક્સિજન પ્લાન્ટ કે સપ્લાયમાં ખામી સર્જાતા કોરોના સંક્રમિતોના મોત થઈ રહ્યા છે. જેની સૌથી વધુ માંગ છે તે રેમડેસિવીરના કાળાબજાર થઈ રહ્યા છે તો ક્યાંક ઓક્સિજન ના કાળા બજાર થઈ રહ્યા છે.કેટલાક તકવાદીઓને માનવતા સાથે લેવાદેવા જ નથી અને અમરપટ્ટો લખાવીને આવ્યા હોય તેમ દવાઓ,રસી,ઓક્સિજન,ફળ-ફ્રૂટ,જીવન જરૂરી ચીજ વસ્તુઓ સહિતના કાળાબજારી તો કરી જ રહ્યા છે તો દવાઓની અવેએલીબીટી બતાવીને લીંક મોકલી ઠગાઈ કરી રહ્યા છે.બીજી તરફ દેશનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખડી પડ્યું છે...અને અર્થતંત્ર બીમાર છે.....! સરકાર તથા તંત્ર માટે આ મોટી સમસ્યા બની રહી છે...આને આવા સમય દરમ્યાન સરકાર તથા રાજનેતાઓ દેશના લોકોને માસ્ક, ડિસ્ટન્સ, રસીકરણ સહિતના કોરોના નિયમોનું પાલન કરવા સૂચના આપી રહ્યા હતા અને પોતે તથા પોતાની ટીમ ચૂંટણી સંભાઓ, રેલીઓમા વ્યસ્ત બની ગયા હતા જાણે કે રાજકારણ એક ધંધો કે વેપાર હોય....લોકો માટેની જે જવાબદારીઓ હતી તેને નજર અંદાજ કરી હોય તેવી સ્થિતિ બની રહી..... તેના પરિણામે વિશ્વમાં ભારત કોરોના સંક્રમિત કેસોમાં પ્રથમ ક્રમે આવી ગયું તો મૃતાક પણ વધી ગયો.... જ્યારે કે વિશ્વના તજજ્ઞો, દેશના તજજ્ઞો, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન વગેરે કોઈની સલાહો તથા ચેતવણીઓને ગંભીરતાથી ન લીધી.... પરિણામે દેશવિદેશના તજજ્ઞો, જે તે દેશના તજજ્ઞો, દેશની સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટોએ કેન્દ્ર સરકારને ગુનેગારના પાંજરામાં ઊભી કરી દીધી છે.... અને દેશની આબરૂનું વિશ્વ સ્તરે ધોવાણ થઈ ગયું છે.....!! છતાં રાજનેતાઓ મૌન....! શા માટે.....?!***

***દેશમાં દિલ્હી, યુપી, ઉત્તરાખંડ, હરિયાણા, તમિલનાડુ, રાજસ્થાન વગેરે રાજ્યોમાં લોકડાઉન જાહેર કરી દીધા છે તો કેટલાક રાજ્યોએ સમય લલંબાવી દીધો છે તથા કેટલાકે કોરોના હોટસ્પોટ જિલ્લાઓ, કે શહેરો પુરતા લોકડાઉન કે બિઝનેસ પાબંધી ફરમાવી દીધી છે... આ બધું છતાં કેન્દ્ર સરકાર*** lockdown ***માટે તૈયાર નથી. જાગૃત એવા ગુજરાતમાં લોકો સ્વયંભૂ લોકડાઉન કરવા લાગ્યા છે..જ્યારે કે કોરોના ટેસ્ટિંગ સંખ્યા ઘટાડી દેવામાં આવી છે પરિણામે કોરોના સંક્રમિતોના સાચા આંકડા બહાર નથી આવતા તેવી ચર્ચા જાગૃત લોકોમાં વ્યાપી ગઈ છે., બીજી તરફ સોશિયલ મીડિયા પર અનેક કોમેન્ટો વાયરલ થઇ રહી છે જેમાં ચૂટિયેલા પ્રજા પ્રતિનિધિઓ માટે ચૂંટણી સમયે જે રીતે બુથો ઊભા કરતા હતા તે રીતે બુથો ઉભા કરવા, ચૂંટાયેલા નેતાઓ મતદારોને મળવા ઘરે ઘરે જતા હતા તેમ બહાર આવી મળવા કહ્યું છે તો મારું બુથ મજબૂત બુથની જેમ મારું બુથ કોરોના મુક્ત બુથનુ અભિયાન ચલાવવુ જોઈએ... તે સાથે અન્ય એક્ ુરšંજżૅ વાયરલ... કોઈપણ ધારાસભ્ય, સાંસદ કે કોર્પોરેટરોને પોતાના ઘરમાં અનાજની જરૂર હોય તો જણાવજો વોટ આપ્યા છે તો રોટલો પણ આપીશું મધ્ય તૂટ્યો જરૂર છે પણ મર્યો નથી....અને આ બાબત લાગે છે કે રાજ્યના મુખ્યમંત્રીએ થોડા સમય પહેલાં જાહેરાત હતી કે રાજ્યના ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ઓછામાં ઓછા રૂપિયા ૫૦ લાખની રકમ ફાળવવાની રહેશે આ ગ્રાન્ટ એટલે પ્રજાના ટેક્સના રૂપિયા..પરંતુ દર મહિને રૂપિયા ૧,૧૬,૩૧૬ થી ૧ લાખ૩૨ હજારનો પગાર લેતા ધારાસભ્યો, મંત્રીઓ,વિપક્ષ નેતા તથા પદાધિકારીઓ ૬ મહીના સુધી પગાર નહીં લેવાની કે ૫૦ ટકા પગાર કોરોના બજેટ માટે ફાળલશે તેવું એક પણ ચૂંટાયેલ લોક નેતાએ જાહેરાત નથી કરી.... આવા છે આપણે ચૂંટેલા આપણા નેતાઓ.... તેના અનુસંધાને આ બાબત વાયરલ થઈ લાગે છે.... ત્યારે પ્રજા હવે નેતાઓની વાતોથી, અવારનવાર બદલતા નિવેદનોથી આને હેલ્થ ક્ષેત્રની બિસ્માર હાલતથી તંગ આવી ગઈ છે તેવો ઊહાપોહ આમ પ્રજામા વ્યાપ્ત થઈ ગયો છે તે વાત રાજનેતાઓ સહિતના પ્રજા પ્રતિનિધિઓ ક્યારે સમજશે.....?! વંદે માતરમ્,***

# રાજપીપલા નગરપાલિકા ના ચાર પૂર્વસદસ્યોની તરફેણમા ગાંધીનગર ની કોર્ટે આપ્યો ચુકાદો

રાજપીપલા, તા ૧૦

રાજપીપલા નગરપાલિકા ના ચાર પૂર્વસદસ્યો અરજદાર સામાવાળા (૧) દત્તાબેન તેજસભાઇ ગાંધી, (૨)હરદીપ સિંહ શિનોરા ૩)નયના બેન કાછીયા ૪)અને જગદીશ વસાવા વિરૂધ્ધ (૧)ૂર્વ પ્રમુખ રાજપીપળા નગરપાલિકાઅને (૨) ચીફ ઓફીસરશ્રી, રાજપીપળા સામે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૩૨(૫) હેઠળનીફરિયાદ કમિશનર મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન ગાંધીનગરની કોર્ટમાં ફરિયાદ દાખલ કરતા વર્ષ પછી કમિશનરે નગરપાલિકા ના આ ચારેય પૂર્વ કોર્પોરેટર ની તરફેણમા ચુકાદો આપતા રાજપીપલા નગરપાલિકા વર્તુળમાં ચકચાર મચી જવા પામી છે.

આ કેસની હકીકત એવી છે કે, રાજપીપળા નગરપાલિકામાં અરજદાર ૨૦૧૫ ની સામાન્યચુંટણીમાં સભ્ય તરીકે ચુંટાયેલ હતા. ચુંટાયા બાદ

પક્ષના કેટલાક પદાધિકારી દ્વારા તેઓની કોરા કાગળ ઉપર સહીઓ મેળવી લેવામાં આવેલ. તે

બાદ ૨૦૧૮ માં પ્રમુખ/ઉપપ્રમુખની ચુંટણી આવતી હતી તે અગાઉ તે કાગળનો ઉપયોગ કરીનેતેઓનું રાજીનામુ લખીનેતા.૧૩/૦૧/૨૦૧૮ ના રોજ નગરપાલિકામાં આપી દેવામાં આવતાં

પ્રમુખે તેઓનું રાજીનામુ મંજુર કરી દીધેલ. જેથી તેઓએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૫(૫) હેઠળ રાજીનામા બાબતે કલેક્ટરને અપીલ કરેલ હતી. સરકારે

તા.૩૦/૦૭/૨૦૧૮ ના જાહેરનામાથી કલમ-૩૫(૫) ના અધિકારો ગાંધીનગર ની કચેરીને સુપ્રત કરેલ

હોવાથી અરજદારની અપીલ આ કચેરીને તબદીલ કરી હતી.

અરજદારે અપીલમાં તા.૨૫/૦૬/૨૦૧૮ થી નીચે જરૂરી રજુઆતો કરી હતી.

આ કામે અરજદારની અપીલ અત્રેની કચેરીના અપીલ રજીસ્ટરે અપીલ નં.૦૧/૨૦૧૮ થીનોંધીને તા.૨૩/૦૧/૨૦૧૮ ના રોજ નોટીસ કાઢીને પ્રથમ સુનાવણી તા.૨૬/૦૨/૧૯ ના રોજરાખવામાં આવેલ. ત્યારબાદ આ કામે સુનાવણી તા.૨૬/૦૩/૧૯થી

તા.૦૮/૧૦/૨૦૨૦સુધી ૨૪જેટલી સુનાવણી હાથ ધરાઈ હતી.

જેમાં માજી પ્રમુખ રાજપીપળા દ્વારા કોઇ

રજુઆત કરવામાં આવેલ નથી કે અરજદારની અરજી અંગે કોઇ જવાબ પણ રજુ કરવામાં આવેલ

નથી. જેથી અપીલમાં થયેલ રજુઆત તેમજ રજુ થયેલ રેકર્ડ આધારે નિર્ણય કરવાનો રહતો હોઈ અરજદાર તરફે તેમના વકીલ દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૦ ના રોજરજુઆત કરીહતી

જે અનુસંધાને ગાંધીનગર કોર્ટેનીચે મુજબનાકોર્ટે તારણકાઢ્યા હતા. જેમાં

(૧) નગરપાલિકા સભ્યોએ રાજીનામું પ્રમુખને આપવાની જગ્યાએ ચીફ ઓફિસરને લખ્યું છે જે માન્ય ગણી શકાય નહીં.(૨) રાજીનામાં પત્ર સ્વહસ્તે લખાયો નથી પણ ટાઈપ કરેલા કાગળમાં ખાલી જગ્યાઓ રાખી લખવામાં આવ્યું હોવાથી શંકાસ્પદ છે.

(૩) રાજીનામાં પત્ર કોણે રજૂ કર્યો એની વિગતો પત્રમાં નોંધ કરાઈ નથી.(૪) રાજીનામાં પત્ર સભ્યે જાતે ચીફ ઓફિસર સમક્ષ રજૂ કર્યો હોવા બાબતે ચીફ ઓફિસરે કોઈ ઉલ્લેખ કર્યો નથી.

(૫) રાજીનામુ પ્રમુખ સમક્ષ સભ્યોએ રજૂ કર્યો ન હોવાથી મંજુર કરતા પેહલા પ્રમુખે સભ્યને નોટિસ આપી ખાતરી કરવાની કોઈ કાર્યવાહી કરી નથી.

(૬) જે તારીખે રાજીનામુ ઈનવર્ડ થયું છે એ જ દિવસે ચીફ ઓફિસરે રાજીનામુ પ્રમુખને મોકલી આપ્યું છે.અને એ જ દિવસે પ્રમુખે રાજીનામુ મંજુર કરી દીધું છે.તેમજ તે જ દિવસે ચીફ ઓફિસરે પ્રાંત અધિકારીને જાણ કરી આ સમગ્ર ઘટના શંકાસ્પદ જણાઈ છે જેથી આ પૂર્વ યોજિત કાવતરુ હોવાનું માની શકાય.(૭) રાજીનામાં પત્રમાં સભ્યની સહી તથા સ્થળ તારીખના અક્ષરમાં ફેરફાર છે.જેથી રાજીનામાં પત્ર કોરા કાગળ પર સહી મેળવી પાછળથી રાજીનામુ લખાવ્યું હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.(૮) સભ્યોએ ૦૧/૦૬/૨૦૧૮ ના રોજ કલેકટરને રાજીનામાના ખોટા દસ્તાવેજો પેદા કરી સભ્ય પદ રદ કરવા પ્રયત્નો થશે એની જાણ કરી હતી.

(૯) ૧૩/૦૬/૨૦૧૮ ના રોજ પ્રમુખે રાજીનામુ મંજુર કર્યા બાદ ૧૫/૦૬/૨૦૧૮ ના રોજ અરજદારે લેખિતમાં કલેકટર નર્મદાને રજુઆત કરી પોતાનું રાજીનામુ રજૂ થાય તો ન સ્વીકારવા રજુઆત કરી હતી.

જે અંગે ગાંધીનગર કોર્ટે તારણોની વિગતો જોતાં અરજદારની અપીલ ગ્રાહ્ય રાખવાપાત્ર હોઈ અપીલ અરજી મંજુર કરી ને અરજદારો ની ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૫(૫) હેઠળની અપીલ "ગ્રાહ્ય રાખવામાં આવીછેઅને પ્રમુખ દ્વારા તા.૧૩/૦૧/૨૦૧૮ ના રોજ મંજુર કરેલ રાજીનામુ રદ કરવાનો હુકમ કરતા નગરપાલિકા ના રાજકારણ મા ખળભળાટ મચીજવા પામ્યો છે. તારણોની વિગતો જોઈ કોર્ટે અરજદારની અપીલ ગ્રાહ્ય રાખવાપાત્ર હોઈ અપીલ અરજી મંજુર કરીને અરજદારોની ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૫(૫) હેઠળની અપીલ "ગ્રાહ્ય રાખવામાં આવી છે અને પ્રમુખ દ્વારા તા.૧૩/૦૧/૨૦૧૮ ના રોજ મંજુર કરેલ રાજીનામુ રદ કરવાનો હુકમ કરવામાં આવતા નગરપાલિકા વર્તુળમા ખળભળાટ મચી જવા પામ્યો છઆ અંગે સદસ્યોંએ જણાવ્યું હતું કે ત્રણ વર્ષ પછી અમને ન્યાય મળ્યો છે. કોર્ટે અમારી તરફેણ મા હુકમ કરી અમારી પાસેથી ખોટીરીતે મંજૂર કરેલા રાજીનામાં રદ કરાયા છે.



ત્યારે અઢી વર્ષની અમારી સદસ્યતા ને રદ કરી અમારી રાજકીય કારકિર્દી ને મોટુ નુકશાન કર્યું છે તેમજ નવી નગરપાલિકા નીચૂંટણીમા અમને તેનાથી નુકશાન થયું છે ત્યારે હવે જવાબદાર સત્તાધીશો સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવાની ચીમકી આપી છે.

આ બાબતે હરદીપ સિંહ સિનોરા અને દત્તાબેન ગાંધીએ જણાવ્યું હતું કે અમે આ ચુકાદો પોલિસ સ્ટેશનમાં રજૂ કરીશું અને આ કાવતરામાં જે લોકો પણ શામેલ છે એમની વિરુદ્ધ પોલીસ કાર્યવાહી કરવા રજુઆત કરીશું.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજપીપળા પાલિકામાં વર્ષ ૨૦૧૫ માં ઈતિહાસમાં પહેલી વખત ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હતી.અઢી વર્ષની ટર્મ બાદ ફરીથી બીજી ટર્મ માટે ૧૪/૬/૨૦૧૮ ના રોજ પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી હતી.જો કે ભાજપના જ ચૂંટાયેલા ૪ સભ્યો નારાજ ચાલી રહ્યાં હતા.તેઓ બીજા ટર્મ માટેની ચુંટણીમાં વિરુદ્ધ મતદાન કરશે એવી ભીતિને પગલે ૧૩/૬/૨૦૧૮ ના રોજ પાલિકા સભ્ય પદેથી એમનું રાજીનામુ મંજુર કરી દેવાતા ખળભળાટ મચ્યો હતો.

કોરા કાગળ પર સહીઓ કરાવી પોતાના બનાવટી રાજીનામાં લખ્યા હોવાનો આક્ષેપ એ ચાર સભ્યોએ કર્યો હતો અને ન્યાય માટે મ્યુનિસીપાલિટી એડમિનીસ્ટ્રેશન ગાંધીનગર કોર્ટમાં ગયા હતા.૩ વર્ષ બાદ કોર્ટે ચુકાદો આપ્યો કે રાજીનામાં શંકાસ્પદ હોવાથી રદ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.કોર્ટે એવું તારણ કાઢ્યું કે રાજીનામાના પત્ર કોરા કાગળ પર સહી મેળવી પાછળથી રાજીનામુ લખાવ્યું હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.આ પૂર્વયોજિત કાવતરું હોવાનું માની શકાય. કોર્ટનાં આ ચુકાદા સામે જવાબદારો સામે પગલાં લેવાય છે કે નહીં તે હવે જોવું રહ્યું

તસ્વીર જ્યોતિ જગતાપ, રાજપીપલા

### "મારૂં ગામ કોરોના મુક્ત ગામ" અભિયાન અંતર્ગત

# રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ-કોવિડ કેર સેન્ટર અને ગ્રામ્યકક્ષાના કોવિડ કેર સેન્ટરની મુલાકાત લેતા રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ

રાજપીપલા,તા ૯

ગુજરાતના સહકાર, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વાહન વ્યવહાર વિભાગના રાજ્ય કક્ષાના મઁત્રી ઈશ્વરસિંહ પટેલે "મારૂ ગામ કોરોના મુક્ત ગામ" ના હાથ ધરાયેલા રાજ્યવ્યાપી અભિયાન અંતર્ગત આજે તેમની નર્મદા જિલ્લાની મુલાકાત દરમિયાન નાંદોદ તાલુકાના તરોપા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રાજપીપલાની આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલ, રાજપીપલાની ગર્લ્સ હોસ્ટેલના કોવિડ કેર સેન્ટર તેમજ તિલકવાડાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તિલકવાડાની એકલવ્ય મોડેલ સ્કૂલ ખાતેના કોવિડ કેર સેન્ટર, તિલકવાડા તાલુકાના વ્યાધર ગામની પ્રાથમિક શાળા ખાતે કાર્યરત કોવિડ કેર સેન્ટર, ગરૂડેશ્વર તાલુકાની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, દેડીયાપાડા તાલુકાની એગ્રીકલ્ચર કોલેજ ખાતેના કોવિડ કેર સેન્ટર, દેડીયાપાડાની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સાગબારા તાલુકાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર,સાગબારાની આદર્શ નિવાસી શાળાના કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર અને સાગબારા તાલુકાના પાટલામઉ ગામના કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર વગેરેની મુલાકાત લઇ જે તે કોવિડ-૧૯ હોસ્પિટલ અને કોવિડ કેર સેન્ટર ખાતે ઉપલબ્ધ તબીબી સેવાઓ આનુષંગિક ઉપકરણો, દવાઓનો જથ્થો અને ફરજ પરના તબીબી અધિકારીઓ, સ્ટાફનર્સ તેમજ પેરા મેડિકલ સ્ટાફ સહિતની વિસ્તૃત જાણકારી મેળવી જિલ્લા પ્રશાસન-જિલ્લા આરોગ્યતંત્ર સાથે જરૂરી પરામર્શ કર્યો હતો.

મંત્રી ઈશ્વરસિંહ પટેલે જે તે ગામમાં કોવિડ કેર સેન્ટર ખાતે સારવાર હેઠળના દરદીઓના ખબરઅંતર પુછી તેઓ જલ્દીથી સાજા થઇને તેમના ઘરે પરત ફરે તેવી શુભેચ્છાઓ પણ તેમણે પાઠવી હતી. મંત્રીની આ મુલાકાત દરમિયાન જિલ્લાના અગ્રણી અને નર્મદા સુગર ફેક્ટરી તેમજ ભરૂચ દુધધારા ડેરીના ચેરમેન ઘનશ્યામભાઇ પટેલ પણ તેમની સાથે પ્રવાસમાં જોડાયાં હતાં. રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલે આજે તેમની નર્મદા જિલ્લાની મુલાકાતના પ્રારંભે સૌ પ્રથમ નાંદોદ તાલુકાના તરોપા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઇ ઉપલબ્ધ તબીબી સેવાઓ અને સારવાર અંગેની જાણકારી ફરજ પરના તબીબી પાસેથી મેળવી હતી.

ત્યારબાદ મંત્રી પટેલે રાજપીપલાની આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલની લીધેલી મુલાકાત દરમિયાન મંત્રીશ્રીની સાથે જિલ્લા કલેક્ટર ડી.એ.શાહ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.કે.પી.પટેલ, કોવિડ-૧૯ હોસ્પિટલના નોડલ અધિકારી અને સિવીલ સર્જન ડૉ.જ્યોતિબેન ગુપ્તા, આર.એમ.ઓ. ડૉ.મનોહર મજીગાંવકર વગેરે સાથે જોડાયા હતા. રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલે તેમની આજની નર્મદા જિલ્લાની આ મુલાકાત દરમિયાન રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે માધ્યમો સાથેના સંવાદમાં જણાવ્યું હતું કે,



ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીએ ખાસ કાળજી રાખીને લોકો કોરોનાથી સંક્રમિત થતાં અટકે તે માટે "મારૂ ગામ કોરોના મુક્ત ગામ" અભિયાનની શરૂઆત કરી છે. સમગ્ર ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં મંત્રીઓ પોતે પ્રવાસ કરીને જે તે જિલ્લાનો તાગ મેળવીને જ્યાં મેડીસીનની જરૂર, સ્ટાફની જરૂર હોય અને જે લોકો ગામડાંની અંદર કોરોનાના શંકાસ્પદ વ્યક્તિઓ હોય, ગામની એક ટીમ બનાવીને ડૉક્ટરની ટીમ કે ધન્વંતરી રથ આવે ત્યારે શરદી, ખાંસી, તાવવાળા દરદીઓને અલગ કરીને જે તે શંકાસ્પદ લક્ષણોવાળા દરદીઓ હોય તેમનો ગ્રામ પંચાયત ખાતે ઈઁઝઇ ટેસ્ટ કરાવીને તેવા લોકો માટે ગામની અંદર બનાવેલ કોવિડ કેર સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. જેને લઇને આવા દરદીઓ જે તે ગામડામાં જ અલગ રહી શકે અને સંક્રમણ ઓછું ફેલાય તે માટે જે તે કોલેજ, પ્રાથમિક-માધ્યમિક શાળામાં સલામતીના ભાગરૂપે કોવિડ કેર સેન્ટર બનાવીને તેમને ત્યાં જ જરૂરી દવા અને સારવાર મળી રહે તે રીતનું આયોજન કરાયું છે.

મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, આવનારા દિવસોમાં કોરોનાનું આ સંક્રમણ કઇ રીતે ઘટી શકે તે માટે ગુજરાતના આદરણીય મુખ્યમંત્ર અને નાયબ મુખ્યમંત્રી પણ સતત ચિંતિત છે, ત્યારે નર્મદા જિલ્લામાં કોવિડ-૧૯ માટે ૨૦૦ બેડ સરકારી અને ૧૨૦ બેડ ખાનગી સહિત કુલ-૩૨૦ બેડની સુવિધા ઉપલબ્ધ છે. તાલુકાઓમાં ૧૦૦૮ બેડ અને ગ્રામ્યકક્ષાએ કોવિડ કેર સેન્ટરમાં ૩૦૨૮ બેડની સુવિધા ઉપલબ્ધ છે. આવનારા દિવસોમાં આ સંક્રમણ ઘટે તેવા સરકાર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. ગ્રામ પંચાયતની અંદર કોવિડ કેર સેન્ટર ઉભા કરવાને લીધે સંક્રમણ ઘટી રહ્યું છે. અને અગાઉના દિવસોમાં જે કેસો હતા તેમાં ઘટાડો નોંધાઇ રહ્યો છે. મેડીકલ અને ફીઝીશીયન સ્ટાફ માટે પણ સરકાર ચિંતા કરી રહી છે અને જ્યાં જરૂર હોય ત્યાં મેડીસીન અને ડૉક્ટરની ટીમ પહોંચાડીને આ વ્યવસ્થા કરવામાં આવી છે.

તસવીર: જ્યોતિ જગતાપ,રાજપીપલા

# નવજીવન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલીત ડો હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલડ આયોજિત સ્પેશ્યલ સમર કેમ્પ




નવજીવન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલીત ડો હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલડ આયોજિત સ્પેશ્યલ સમર કેમ્પ અંતર્ગત દરેક શનિવાર' સ્પેશ્યલ ડે' તરીકે સેલિબ્રેટ કરવામાં આવશે. જેમા આજે શનિવારે મધર્સ ડે સેલીબ્રેશન માં પ્રથમ શેસન માસ્ટર આરજવઓઝા -પીયાનો વાદક-ડાઉન સિન્ડ્રોમ યગંર -એના વિકાસ અને તેની માતા નીમહેનત ની ગાથા એમના મુખે મોટીવેશનલ સ્પીચ તરીકે રાખેલ હતી , બીજા શેસન મા , ચિત્ર હરિફાઇ રાખેલ હતી. જેમાં ભાગ લેનાર વિદ્યાથી ઓ એ જુદા જુદા ચિત્ર દોરી તેમાં રંગો પૂર્યા હતા. શ્રેષ્ઠ ૧૦ચિત્ર ને જજશ્રી કોનટી બેન ભાવીનભાઈ શાહ તરફથી ૨૦૦?કેશ પ્રાઈઝ ઓનલાઈન ચુકવવા મા આવી હતી.મધર્સ ડે ની ઊજવણી આ રીતે કરી સમર કેમ્પ ના પ્રથમ શનીવાર ને સ્પેશ્યલ બનાવવામાં આવ્યો હતો. નીલેશ પંચાલ...

"The rent of this Building is to be used for the DOGS" ભાવનગરની દાણાપીઠમાં આવેલ આ મકાન વિશિષ્ટ છે. માનવ અને પ્રાણી વચ્ચેની આત્મીયતાનું દર્શન કરાવે છે.. અંદાજે સોએક વર્ષ પહેલા બન્યું હોય તેવું જણાતું આ કલાત્મક કોતરણી વાળું મકાન ત્રણ મજલાનું છે. મકાનના ઈતિહાસ વિષે તો હું નથી જાણતો પણ તેની ઉપરનું આ લખાણ ચોક્કસ ધ્યાન ખેંચે તેવું છે. હાલ ના સમય માં ચર્ચાતા "sustainable development" વિષે જયારે મોટી મોટી વાતો સંભાળીએ છીએ ત્યારે એમ ચોક્કસ થાય કે ગઈ સદીના માનવ અને પર્યાવરણ વચ્ચેનું આવું સાયુજ્ય જો હજુ થોડું ઘણું પણ જળવાયું હોત, તો મોટા ભાગની પર્યાવરણીય સમસ્યાઓ ઉદ્ભવીજ ન હોત.

Via ઈન્દ્ર ગઢવી



ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા
ચાર ગદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : "જીત - હાર, વિજય - પરાજય"
દિવસ - ૧
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી, વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ, સહયોગી : આરતી મરચંટ, અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG :SS : 0089
પ્રકારઃ ગદ્ય
વિષયઃ હાર જીત વિજય પરાજય
શીર્ષકઃ ઝમકુંડોશી
રેખા શુક્લ- અમેરિકા

"હાર જીત વિજય પરાજય"

ઝમકુડોશીમાંને ત્યાં મોહન દીકરો ને જમના દીકરી હતાં.રોજ દાડીએ્ જવાનું વટથી ઉછેરે બેઉ સંતાન ને. વિલાસના દીકરાની સાથે લગ્ન કરવાનું વચન આપેલ તેથી દીકરી થાળે પડી ને પરણાવ્યાનો સંતોષમાંની હરદ્વાર ગયા.

પાછા ફર્યા ત્યારે ખબર પડી કે જમના એ કૂવો પૂર્યો ને વિલાસના દીકરાને જેલમાં પૂર્યો છે. પત્નીનાં મોતથી બાવરો બનેલો છાતીફાટ રોતા ડોશી આગળ સાચી વાત કરી બોલ્યો

"ઘરનો વડીલ મારો બાપ... વહુ પર બળાત્કાર કર્યો ને તમારી દીકરી હું ખોઇ બેઠો ને મારો બાપ તો રાતોરાત ગામ છોડી ગયો. બા મારી બધાં આઘાત જીરવી ના શકી. ઘર આખું ખાલી થઇ ગયું મારે રોજ મરવું જેલમાં માડી મને સજા મળી હું નથી મરી શકતો નથી જીવી શકતો. "

આ વાત જતા દાડે ભૂલાઇ ગઇ હશે માની રાજભા વર્ષે પાછો આવ્યો ત્યારે ખબર પડી બધી વહુ કૂવામાં પડી મરી ગઇ ને દીકરા પર આળ ચડ્યું ને જેલ ભેગો થયો. ને પોતે ગામ છોડી ભાગી ગયો હતો આ બધી ઘટના જીરવી ના શકી તે પણ મૃત્યું પામી. હે ભગવાન મારી ભૂલ ની સજા બધાને મળી આ પાઠ તે મને ભણાવ્યો. રોતા રોતા બાવરો તે ડોશી આગળ માફી માટે પગે પડ્યો .. બજરનાં બંધાણી ડોશી "હા વિલાસને ખોઇ બેઠા આપણે. " કહી છીંકણી સુંઘી બોલ્યા ચા ટાણું છે ઘૂંટડો તમે પીજો..!

ચકિત થયેલો રાજભા બેઠો કે ડોશી ભૂલી લઇ લાગે છે તે ચાને ઉકળતી જોઇ રહ્યો. ડોશી પૂછ્યું " ઇલાયચી ફાવશેને ?" કહી ચમચી ભરી ને ચામાં નાંખી. ગાળી ને આપતા ડોશી જરા મારકણું હસી બોલી " વાળુ કરશું ને ? પૂરો કપ ચા પી મિનિટોમાં ઠપ થઇ ઢળી પડેલો. પાછળ પરસાળમાં ખોદી રાખેલી કબરમાં દાટી દીધો. ઉપર પટારો મૂક્યો ને હાશકારો કર્યો. ડોશી ગણગણે::

માણસ પાણી પર પાણીની વાર્તા લખ
પાણીથી તો તારો જય પ્રભુ
બંધનના ઋણ કહો કે ઋણનું બંધન
કહો કર્મ નો સિધધાંત
સમજ માણસ તો જય તારો પ્રભુ

રેખા શુક્લ

---

NOG .SS NO.0001
વિષય :-- હાર –જીત , વિજય – પરાજય
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :- " એક પિતાની પુત્રને શીખ "

એકવાર એક ખેડૂત પિતાને એક વિચાર આવ્યો કે મારે મારા એકનાં એક દીકરાને જીવનમાં હંમેશાં ઉપયોગી બને અને ગમેતેવી વિકટ પરિસ્થિતિમાં પણ એ હાર ના માને અને જીતમાં એ છકી ના જાય એવી શીખ આપવી છે .ખેડૂત ખૂબજ ધીરજવાન અને દૂરંદેશી હતો. ઘણી ઘણી મહેનત કરીને એ આગળ આવ્યો હતો. કેટલાય વર્ષો વરસાદ વગરનાં , તો કેટલાય વર્ષોમાં અતિવૃષ્ટિ પણ ખરી ! તો ક્યારેક ભૂકંપ જેવી હોનારતે પણ એમને અડગ રાખ્યા હતાં. કદી હાર માનીને બેસી નહોતાં રહ્યાં .તો ઘણીવાર સોનાવરણી સીમ સરીખો કાચું સોનું પીરસતો મબલખ પાક પણ ઉતરતો હતો .ખેડૂતનાં સંયમ અને ધીરજે એને હાર અને જીતને પચાવતાં શીખવી દીધું હતું .બસ આજ ગુણ એનાં પુત્રમાં પણ જોવા માંગતાં પિતાએ આજે પુત્રને ઉપયોગી એવી શીખ આપવાનું નક્કી કર્યું હતું .

એક કાગળ લઈને એમાં લખવા બેઠા . " દીકરા તને હું અનેક રીતે મારો ગુરુ પણ માનું છું , પણ એક પિતા તરીકે આજે થોડી શીખ આપું છું જે જીવનમાં ઉતારજે ."

ક્યારેય તંદુરસ્તી એની જાતે જ જળવાયેલી રહેશે એમ માનતો નહીં . તું તારા કુટુંબને ચાહે છે એનો અહેસાસ એમને તારા વાણી, વિચાર , અને વર્તનથી કરાવતો રહેજે . જરૂર જણાય ત્યારેજ અને ત્યાંજ બોલવું ઉચિત સમજજે . ક્યાં અને ક્યારે મુંગા રહેવું જોઈએ એ પણ યાદ રાખજે .

કોઈપણ કામ નાનું નથી હોતું માટે પોતાનું ગુજરાન ચલાવવા માટે કોઈપણ કામ કરતાં નાનામાં નાનાં માણસને પણ સન્માન આપજે .

કોણ સાચું છે ? એની પાછળ સમય અને મગજ ના બગાડતો પણ શું સાચું છે એ વિચારજે અને એજ જીવનમાં અપનાવજે.

તારા બાળકો સાથે પણ સમય વિતાવજે અને એમને પ્રોત્સાહિત કરવા માટે એમને નવી નવી વાતો કહેજે, ગીતો ગાઈને ખુશ કરજે , અને રોજ એક નવો પ્રેરકપ્રસંગ કહેજે .

ગમે તેટલો વ્યસ્ત હોય પણ પરિવાર માટે સમય ફાળવજે અને હંમેશાં આગળ વધવા માટે તને મળેલાં કલાકોનો સદ્ઉપયોગ કરજે. દરેકને ભગવાને દિવસનાં ચોવીસ કલાક જ આપ્યા છે એટલું યાદ રાખજે .

જ્યારે પુત્રનાં હાથમાં આ પત્ર આવે છે ને એ વાંચે છે ત્યારે એની નીચે જ એ લખે છે કે , " આજે મને મારા પિતા તરફથી મારા જીવનની ઉત્તમ ભેટ મળી છે . હું જરૂર એનું પાલન કરીશ ." રોજ એમાં એક વાતનો ઉમેરો કરીને મારાં બાળકોને પણ એ ભેટમાં આપીશ .

આ હતી એક ખેડૂત પિતાની જીત ! આટલી શીખ પોતાનાં જીવનમાં ઉતારનારને જીતનો નશો ચડતો નથી અને હારનો ભય રહેતો નથી. આ હતી એક પિતાએ પોતાનાં પુત્રને આપેલી હાર – જીતને પચાવવાની શીખ.

પ્રદિપ રાવલ . સંચાલક .તંત્રી

---

NOG SS No ; 0077
વિભાગઃગદ્ય-લેખ
શબ્દ સંખ્યાઃ૨૯૫
શીર્ષકઃ હાર-જીત

હાર અને જીત માણસ જન્મે ત્યારે લલાટે લખાવીને લાવે છે.જે ક્ષણે તમે માનવ તરીકે ધરતી પર પગ મૂક્યો એ સાથે હાર-જીતની અદ્રશ્ય જુગલબંધી ચાલુ...!

આપણું ધાર્યું થાય તો જીત અને ના થાય તો હાર...!

મનુષ્યને ક્યાંય પણ લગીરેક હાર બર્દાસ્ત નથી..!

હાર-જીત એક સિક્કાની બે બાજુઓ છે.

તમારા માટે કોઈક હારવા તૈયાર બેઠું હોય તો તમે જીતી શકો..!

હાર -જીત માટે સ્પર્ધાત્મક મન બહુ મોટો ભાગ ભજવે છે...!

હકારાત્મક અભિગમથી તમે મદદરૂપ થવાની ભાવનાથી સ્પર્ધાથી જીતો તો એમાં ઈશ્વરનાં અદ્રશ્ય આશીર્વાદ હોય છે.

બહુજ પ્રસિધ્ધ અને લોકપ્રિય સંવાદ છે... બસ, ભાવના સારી હોવી જોઈએ પછી તમારી જીત નિશ્ચિત છે,એમાં કોઈ બેમત નથી.

છળકપટ,કાવાદાવા,
ખરાબ વ્યૂહરચનાઓ બનાવી પછાડવાની વૃત્તિથી, સામ,દામ,દંડ અને ભેદથી જીત મળવી એ નરી નાલેશી છે આવી જીતનો નશો બહુ લાંબો ટકતો નથી .

ઈતિહાસ સાક્ષી છે કે જોહુકમી, છેતરપિંડીથી જીતાયેલ યુધ્ધો પણ બહુ જ લાંબી રીતે જીતની ખુશી ભોગવી શક્યાં નથી...!

બીજી બાજુ,
હાર પણ કાયમી નથી તમારી મનસા જો સારી હશે તો એ તમે નાસીપાસ થશો નહીં ...!

એમાં તમારી ભાવના, હકારાત્મક અભિગમ અને મજબૂત મનોબળ મદદરૂપ થાય છે.

મન કે માને હાર-મન કે માને જીત..!

હાર-જીતને જોવાનો દ્રષ્ટિકોણ તમારું વ્યક્તિત્વ ઘડે છે...!

સકારાત્મકતા અને સુદ્રઢ મનોબળથી બાકીની જિંદગી અને આખું ભવિષ્ય ઘડાય છે..!

અંતમાં એટલું જરૂરથી કહીશ કે હાર-જીતને બહુ મન પર ના લેવી આપણી ભાવના શુધ્ધ હશે, કર્મો સારા હશે તો કુદરત અને સમય એનાં સાક્ષી બની તમારા માટે સારા નિર્ણયો લેશે.

એટલે
સરળતાથી જીવો,
સ્પષ્ટતાથી બોલો,
સચ્ચાઈથી બોલો,
દ્રઢતા કેળવો .

આ બધાથી હાર પચાવાનો આત્મવિશ્વાસ આપોઆપ આવશે. જીતવાની ક્ષમતા આપણી અંદર હોય છે . સામેવાળાનાં દ્રષ્ટિકોણથી વિચારીને
સારી ભાવનાથી
વ્યુહરચના ઘડશો તો જીત પાક્કી છે...!
બસ,
જીતનું જશન અને હારનો હર્ષ મનાવતા આવડી જાય તો ગંગા નહાયા..!

ઋતંભરા વિશ્વજીત,ઋત્વિશ્વ

---

NOG . SS. NO .0095
વિષય :-- હાર – જીત
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " મક્કમ મનોબળ ને મોતની હાર ".

આ શીર્ષક જ ઘણું બધું કહી જાય છે કે જીવનમાં માનવીનું મનોબળ જો મક્કમ હોય તો મોતને પણ હરાવી શકાય છે. અહીં વાત છે મારી પોતાની જ દીકરીની ! જેણે જીવનમાં ડેન્ગ્યુ , કેન્સર અને હાલમાં જ કોરોના જેવા રોગને પણ પોતાનાં અડગ મનથી અને સકારાત્મક વિચારોથી હરાવ્યા છે.

નિવીઆ મારી દીકરી . લગ્નનાં બે જ વર્ષમાં એની ઉપર જાણે મોટી આફત આવી . એને ડેન્ગ્યુ થયો હતો. એ સમયે ડેન્ગ્યુ અને સ્વાઈનફ્લુ નામનાં રોગે પણ પોતાનાં ભરડામાં પ્રજાને લઇ લીધી હતી. એ સમયે નિવીઆને છ માસની દીકરી .એને મેં મારા ઘરે સાચવી અને નિવીઆને દવાખાનામાં દાખલ કરી . એનાં સાસુ એની પાસે રહે . ચાર દિવસ પછી તેની તબિયત વધારે બગડી , અને રાત્રે બે વાગે એકાએકજ એનાં નાક અને ગળામાંથી લોહી નીકળવા લાગ્યું .તરતજ બધાં ટેસ્ટ કર્યા. શ્વેતકણો ખૂબજ ઘટી ગયા હતાં. જો તાત્કાલિક એ ના મળે તો જીવનું જોખમ હતું. બ્લડબેંકમાંથી બે બોટલ લાવ્યા ને ચડાવી. બીજા દિવસે સાંજ પછી થોડું સારું લાગ્યું. પણ રજા મળે એવી હાલત નહોતી. પંદર દિવસ પછી એને રજા આપી. મારે ઘરે જ સીધી લાવી .કેમકે એની નાની ' ખનક ' મારી પાસે જ હતી.

એક બાજુ દીકરીની બિમારી, નાની એવી ખનક ને મારી નોકરી ! બધું સંભાળતાં પણ હું હારી નહીં ને દીકરીને હિંમત આપતી રહી. એવામાં એક દિવસ નિવીઆને ગળાનાં ભાગે ગાંઠ જેવું લાગ્યું. તરતજ રિપોર્ટ કરાવ્યો. બાયોપ્સી કરાવી . રિપોર્ટ આવ્યો ' કેન્સર ' ! સાંભળીને જ હું ભાંગી પડી. નિવીઆને કીધું નહીં. જમાઈને બોલાવીને એમને વાત કરી. એ આવીને નિવીઆને તેડી ગયા. ત્યાં ગયા પછી એમણે ફરીથી પંદર દિવસે રિપોર્ટ કરાવ્યો. ને કેન્સરનું નિદાન પાક્કું હતું . હવે ? દીકરીને પણ હવે જાણ થઇ ગઇ હતી. પણ એ મક્કમ હતી .એણે જ અમને બધાંને હિંમત આપી. બસ એને ચિંતા હતી તો એની નાની દીકરીની ! પણ એની દીકરીને મેં સાચવી લીધી ને મારી દીકરીને એનાં સાસુએ !

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર શરૂ કરી. કેમોથેરાપી, અને રેડિયેશન ની અત્યંત પીડાદાયક સારવાર પણ એ સહન કરી ગઈ .એનાં વાળ જતાં રહ્યાં તો જમાઈએ પણ પોતાનાં વાળ કઢાવીને એને હિંમત આપી .છ મહિના સુધી સતત ભાવનગરથી અમદાવાદ આ સારવાર અર્થે આવ જા કરતાં રહ્યાં. નાની દીકરીને લીધે દાખલ નહોતી કરી. પણ નિવીઆનાં મક્કમ મનોબળે જીવન મરણની વચ્ચે ઝોલાં ખાતી વિકટ પરિસ્થિતિને પણ હરાવી દીધી હતી.

જીત મેળવીને કેન્સરને હરાવી દીધું અને સાથે સાથે અમને બધાંને પણ હારવા ના દીધાં અને આ કપરી પરિસ્થિતિમાં પણ જીતની ખુશી આપી.આજે એ સંપૂર્ણ સ્વસ્થ છે ને એની દીકરી પણ દશ વર્ષની થઈ ગઈ છે.

આમ જો મન મજબૂત હોય તો જીત નક્કી જ છે.

દીપિકા ચાવડા ' તાપસી '

---

વિશેષ ધર્મની મથામણ છોડો.
સામાન્ય ધર્મનો રાહ પકડો
કળિયુગનો અર્થ સમજો ઊંડો
ફાડો ધર્મના વિવાદનો છેડો
ત્રણ યુગ આત્મ મુક્તિ પહાડો
કલી તો આત્મ બંધનનો વાડો
છોડો મમત્વ વિશેષ ધર્મ છાંડો
પકડો માનવ મહિમાનો કેડો
ને કૃષ્ણ ભક્તિનો પાલવ પકડો
ભરત કલી અંત લગી તે છે ઘડો




રચનાઃભરત સાંગાણી મુંબઈ

---

## વૃક્ષ એટલે ઓકિસજનનું નિઃશુલ્ક કારખાનું

### વૃક્ષો વાવો, જીવન બચાવો,વૃક્ષો વાવો, સમૃદ્ધિ લાવો.



આજે દેશ કોરોના મહામારીની જે પરિસ્થતિમાંથી પસાર થઈ રહ્યો છીએ ત્યારે એકાએક સૌને કુદરતની કિંમત સમજાઈ રહી છે. અત્યાર સુધી બિલ્ડીંગ કે ફેકટરીઓ બનાવવા માટે જે હાથો વારંવાર વૃક્ષો કાપવા માટે ઉઠતા હતા એ જ હાથો હવે વૃક્ષો વાવવા નીકળી પડ્યા છે. બીજી લહેર બાદ ઓક્સિજનની સખત તંગી પડતાં આજે દરેક વ્યક્તિને વૃક્ષોનું મહત્વ સમજાયું છે, ઓકિસજનની કટોકટીનો સામનો કર્યા બાદ આજે પર્યવરણ જાગૃતિ માટે અત્યાર સુધી માત્ર વિચાર કરનારા યુવાન હૈયાઓ આજે એ વિચારોને અમલમાં લાવવા નીકળી પડ્યા છે. ઘણી સામાજિક સંસ્થાઓ પણ વૃક્ષારોપણનાં કાર્યમાં મદદરૂપ થઈ રહી છે જે ખરેખર સરાહનીય છે. જયારે ચોમાસાનું આગમન નજીક છે ત્યારે આ સમય વૃક્ષો વાવવા માટે ઉત્તમ છે. જો એક વ્યક્તિ એક વૃક્ષ વાવવાનું, તેનું જતન કરવાનું નક્કી કરે તો હજ્જારો વૃક્ષોનાં વાવેતર દ્વારા અખૂટ પ્રાણવાયુનું ઉત્પાદન શક્ય બની શકે છે.

પીપળો, વડ, લીમડો, કરંજ, ખાટી આંબલી,દેશી આસોપાલવ, ગરમાળો, શીમળો, સેવન, મહુડો, શીસમ, સીતા અશોક, અર્જુન, તુરા આંબરા, પારીજાત, વસંત, પારસ પીપળો, કદમ, બિલ્લી, સોપારી, ફણસ, રગતરોહીડો, રૂખડો વગેરે જેવા વૃક્ષો ગામમાં વાવી શકાય છે. ચકલી જેવા પક્ષીઓ માટે વૃક્ષ ઉંબરો, સેતુર, બદામ, મીઠી આંબલી, ફાલસા, રાયણ, ખીજડો, દેશી બાવળ, લીચી, અંજીર, ઉંબરી, ગુંદી, ગુંદો, જામફળ, જાંબુ, ચિકુ, દાળમ, પિપડી, પીલુ ખારા મીઠા, દેશી આંબો વગેરેનાં વાવેતરથી કુદરતનાં ફળ સમા પક્ષીઓનું પણ જતન કરી શકાય છે.

વૃક્ષ એટલે ઓકિસજનનું નિઃશુલ્ક કારખાનું.

વૃક્ષમ શરણં ગચ્છામિ.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

---

## ગુંદા નુ ઝાડ દરેક ખેતરે કે વાડીએ જરૂર હોવું જોઈએ...

ગુંદા એક ઔષધીય ફળ છે

માંસથી પણ ૫ ગણું શક્તિશાળી છે આ ફળ, ભારતમાં જ થાય છે, પહેલવાન બની જશો

ગુંદા એક એવું ફળ છે જેને આપણે સહુ જાણીએ પણ છીએ અને તેનું અથાણું પણ ખાઈ છીએ. પરંતુ તેને વિશે કેટલીક વાતો એવી છે જે આપણે નથી જાણતા, પરંતુ જાણવું જરૂરી છે

ગુંદા આપણા શરીરની તાકાતને વધારીને બમણી કરી દે છે. જો તમે ગુંદા રોજ ખાઓ છો તો આમ કરવાથી તમારા શરીરમાં કમજોરી નથી રહેતી અને તમને હાડકાઓને લગતી બીમારીઓ પણ નથી થતી

કારણકે આમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ અને ફોસ્ફરસ હોય છે

ગુજરાતના આદિવાસીઓ ગુંદાને સૂકવીને તેનું ચૂરણ બનાવે છે અને મેંદો, બેસન અને ઘી સાથે ભેગું કરીને લાડવા બનાવે છે. લાડવાને ખાવાથી આપણા શરીરને તાકાત મળે છે અને સ્ફૂર્તિ મળે છે

શરીરમાં તાકાત લાવવા અને સ્ફૂર્તિ લાવવા માંગતા હોવ તો આજથી જ ગુંદા ખાવાનું શરુ કરી દો

ગુંદામાં એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર હોય છે જેના કારણે એ તમારું મગજ તેજ કરે છે અને તેમાં આયર્નની માત્રા પણ વધુ હોય છે જેથી શરીરમાં લોહીની માત્રા વધારવામાં મદદ કરે છે

જો તમારી આસપાસમાં ક્યાંય પણ ગુંદા મળતા હોય તો એનું સેવન કરવાનું શરુ કરી દેજો ન હોય તો એક ઝાડ રોપી જ દેજો. ??

શરીરને શક્તિશાળી તેમજ સ્ફૂર્તિલું બનાવી દેશે

તેની છાલનો કાઢો અને કપૂરનું મિશ્રણ તૈયાર કરીને સુજી ગયેલા અંગો પર માલિશ કરવામાં આવે અને દાદર પર લગાવવામાં આવે તો ફાયદો થાય છે

તો ચાલો આ વખતે ગુંદાની સીઝનમાં ગુંદા ખાવાનું ચાલુ કરીને શરીરને શક્તિશાળી ને ખડતલ બનાવીએ????

વૈદ્ય મહેશ મહેત

આશીર્વાદ આયુ હેલ્થ સેન્ટર મહારાષ્ટ્ર અને ગુજરાત

---

# આંકડા છુપાવે છે રૂપાણી સરકાર, રાજ્યમાં ૨ લાખથી વધુના કોરોનાથી મોત -કૉંગ્રેસ

અમદાવાદ,તા.૧૦

રાજ્યમાં કોરોના વાયરસથી કેસ ઘટ્યા છે, પરંતુ ગામડાઓમાં સ્થિતિ ખૂબ જ ગંભીર બની રહી છે. ટેસ્ટિંગની સુવિધા તથા સારવારના અભાવે ગામડાઓમાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. બીજી તરફ સરકાર દ્વારા કોરોનાથી મોતના આંકડાઓ સાચા ન બતાવાતા હોવાના ઘણા આક્ષેપો થઈ ચૂક્યા છે. ત્યારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને સરકાર પર આક્ષેપો કરવામાં આવ્યા છે. જેમાં સરકારના સરકારનો અણઘડ વહીવટના કારણે રાજ્યમાં ભય અને અંધાધૂંધીનો માહોલ સર્જાયો હોવાનો આરોપ કરાયો છે. સાથે જ આખા રાજ્યમાં ૨ લાખથી વધુ લોકોના મોત થયા હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સમાં સરકાર પર આક્ષેપ કરતા કહ્યું, ગુજરાતમાં કોરોના ગંભીર પરિસ્થિતિ છે, ભય અંધાધૂંધીનો માહોલ ચર પર છે બેડ, ઓક્સિજન, વેન્ટિલેટર ખૂટી પડ્યા છે.

આ માટે સરકારનો અણઘડ વહીવટ અને સંકલન જવાબદાર છે. દરેક ડિઝાસ્ટર એક્ટના બે પાસા હોય છે, જેમાં શિક્ષાત્મક પાસું અને કલ્યાણ પાસું. નેશનલ ડિઝાસ્ટર એક્ટ મુજબ કુદરતી આપદા હોય અને લોકો મૃત થાય તો સહાય કરવામાં આવે છે. કોરોના મહામારીમાં ૧૩ મહિનામાં જેટલા લોકોના મૃત્યુ થયા છે તે તમામના પરિવારને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ મુજબ સરકાર ૪ લાખની સહાય જાહેર કરે તેવી માંગ છે. સાચી હકીકત કંઈ અલગ છે. સરકાર નિષ્ઠુર બની મોતના આંકડા છુપાવી રહી છે. લોકોના મોત સામે સરકાર રમત રમી રહી છે. ગુજરાત કોંગ્રેસ કોરોનાથી મોત થયેલા પરિવારની માહિતી મેળવશે. ગૂગલ ફોર્મમાં માહિતી ભરી આપશે તેના આધારે કોંગ્રેસ સરકારમાં રજૂઆત કરશે.

જ્યારે દસાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકી કહ્યું કે, 'સુરેન્દ્રનગર જિલ્લામાં જ્યારથી કોરોનાં ફેલાયો છે ત્યારથી ૧૨૫ જેટલા મોત આંકડાકીય બતાવે છે. ૨૦૨૦માં મોત અને ૨૦૨૧ના મોતના આંકડા અંગે તપાસ કરતા બિહામણા સામે આવ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૦૦૦થી વધુ લોકોના મૃત્યુ થયા છે. દર મહિને તાલુકાઓમાં સરેરાશ ૨૦૦ લોકોના મૃત્યુ થયા છે.

---

હિંમતનગર સિવિલ માં ધોમધખતા તડકા માં તપતા દર્દીઓને

# વિર પ્રતાપ ફાઉન્ડેશન અને જગદીશ મંડપ ના સંયુક્ત ઉપક્રમે રાહત અપાઈ

વિર◦પ્રતાપ◦ફાઉન્ડેશનના સ્થાપક શ્રી ભૃગૃવેન્દ્રસિહજી કુંપાવત અને જગદીશ◦મંડપ ના સંયુક્ત◦ઉપક્રમે હિંમતનગર સિવિલ હોસ્પિટલ આગળ ધોમધખતા◦તડકામાં ઉભી રહેતી એમ્બ્યુલન્સ અને દર્દીઓના◦સગાઓ માટે છાંયાની વ્યવસ્થા માટે મંડપ ની સેવા આપવામા આવી



દર્દીઓ ના સગાઓને બેસવામા તકલીફ ના પડે તેના માટે ખુરશીઓ ની સગવડ શ્રી હર્ષદભાઈ પટેલ ( પાટિદાર લાઈટ ) તરફથી તથા ખુરશીઓ ની સગવડ કંદર્ભભાઈ સાધુ તરફથી તથા દર્દીઓ ના સગાઓને આરામ કરવા માટે ૧૦૦ ગાદલા અને પાથરણાં ની સેવા શ્રી જતીનભાઈ પટેલ ( શ્રીજી મંડપ સર્વિસ ) તરફથી સેવા આપવામા આવી

ભૃગુવેન્દ્ર સિંહ કુંપાવત દ્વારા જણાવવામાં આવ્યું કે ગરમી મા દર્દીઓ ની સ્થિતિ દુઃખદ જોવા મળી રહી હતી, એ હેતુ થી વિર પ્રતાપ ફાઉન્ડેશન દ્વારા મંડપ નો નિર્ણય લેવામાં આવ્યો અને કોરોના ના દર્દીઓ ને જ્યાં જ્યાં અગવડતા પડશે ત્યાં ફાઉન્ડેશન તમામ જવાબદારીઓ ઉઠાવવા તૈયાર છે

## આ કોવિડ કેર સેન્ટરમાં ૨૪ ઓક્સિજન બેડ અને ૫૦ આઈશોલેશન બેડની સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધ

# થલતેજ મધર્સ હાઉસ ખાતે ૭૨ બેડની સુવિધા સાથેના કોવિડ કેર સેન્ટરનો ગૃહમંત્રીશ્રી પ્રદિપસંહ જાડેજાના હસ્તે શુભારંભ



ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસંહ જાડેજાએ જણાવ્યું છે કે કોરિનાની મહામારીનો આપણે સૌ સામનો કરી રહ્યા છીએ.. તેના મક્કમ પડકાર માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે અને તેના પગલે અનેક પગલા લેવાયા છે. તેના ભાગ રૂપે રાજ્યમાં સંખ્યાબંધ સ્થળે 'કોવિડ કેર સેન્ટર' કાર્યરત કરયા છે. ઘણાં એવા દર્દીઓ હોય છે જેમનું ઘર નાનું હોય છે તેથી પરિવારનાં અન્ય સભ્યોને ચેપનું જોખમ ન રહે અને સંક્રમણ ન ફેલાય તે હેતુથી કોવિડ કેર સેન્ટર જેવી અલાયદી જગ્યાએ તેની સારવાર હવે સરળતાથી ઉપલબ્ધ કરાવવમાં આવી છે. અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલ 'મધર્સ હાઉસ' ખાતે ૭૨ બેડનું કોવિડ કેર સેન્ટરને આજે મંત્રીશ્રી પ્રદિપસંહ જાડેજાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના '' મારું ગામ કોરોના મુકત ગામ '' ના અભિયાનને સાર્થક કરવા અને કોરોનાને સંપૂર્ણપણે હરાવવા માટે શહેરો અને ગ્રામ્ય કક્ષાએ કોવિડ કેર સેન્ટર શરુ કરાયા છે. જેને લીધે કોવિડ પોઝિટીવ આવેલ વ્યક્તિની ત્યાં સ્થળ પર જ સારવાર થઈ શકે. ગાંધીનગર મતવિસ્તારના સાંસદ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી અમદાવાદના થલતેજ વિસ્તારમાં શરુ કરાયેલા આ સેન્ટરમાં ૨૪ બેડ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન સાથે બનાવવામાં આવ્યા છે. સાથે સાથે ૫૦ જેટલા બેડ આઈશોલેશન તરીકે રાખવામાં આવ્યા છે. આના કારણે આ વિસ્તારના સંક્રમિત થયેલા લોકોને હવે ઘરની નજીકમા જ સુવિધા સુલભ બની છે. અને અહી દાખલ થનાર કોઈપણ દર્દી વિનામૂલ્યે સારવાર મેળવી શકશે એમ તેમણે ઉમેર્યું હતું.

સમગ્ર રાજયની અંદર તમામ પ્રકારની સુવિધાઓ સાથેના કોવિડ કેર સેન્ટર બનાવીને સમાજને મદદરૂપ થવાની આગવી વ્યવસ્થા એ રાજય સરકારનો નેમ છે તેમ જણાવીને મંત્રીશ્રી એ કહ્યુ કે, ગામે ગામ આવી સુવિધાઓ ઉભી કરીને ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ અટકે એ માટે 'મારુ ગામ કોરોના મુક્ત ગામ' અભિયાન અંતર્ગત દરેક ગામ કોરોના મુકત બને તેવો રાજય સરકારનો ઉમદા અભિગમ છે.

મંત્રીશ્રી એ રાજય સરકારની ઉત્તમ કામગીરીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ૧૫ મી માર્ચે રાજ્યમાં ૪૫ હજાર જેટલા બેડ ઉપલબ્ધ હતા, જ્યારે આજે તેની સંખ્યા વધીને ૧ લાખ કરતા વધારેથઈ છે. અગાઉ ૧૪૫ મેટ્રિક ટન જેટલા ઓક્સિજનની જરૂરિયાત હતી આજે તેની સામે ૧૧૫૦ મેટ્રિક ટન ઓક્સિજનની જરૂરિયાત પુરી કરવામાં આવી રહી છે. સમગ્ર રાજ્યમાં તૈયાર કરવામાં આવેલા આવા કોવિડ કેર સેન્ટરમાં PHC અને CHC નો સ્ટાફ સતત ખડેપગે સેવા આપી રહ્યો છે. સરકાર અને લોકોના સંયુકત સહકારથી આપણે કોરોનાને નાથવામાં સફળ રહીશું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રીઓ, અમદાવાદના મેયરશ્રી કિરિટભાઈ પરમાર, ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી, શ્રી બિપિનભાઈ પટેલ અને થલતેજ અને ઘાટલોડિયા વિસ્તારના મ્યુનિ. કાઉંસીલરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## આમ આદમી પાર્ટીના તમામ કાર્યકર્તાઓ

# ગુજરાતમાં રસીકરણ અભિયાન સરકારને મદદ કરવા માટે તૈયારી દર્શાવી

રાજપીપળા, તા.૧૦

નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં કોરોના ના વધતા જતા કેસોને મૃત્યુના આંક વધી રહ્યો છે. જે ચિંતાનો વિષય બન્યો છે.ખાસ કરીને વ્યક્તિનો લોકોને મળતી નથી તેમ જ ૧૮ થી વધુ વયના લોકો નું તો હજી રેજીસ્ટ્રેશન જ નથી થયું, ત્યારે નર્મદા સહિત ગુજરાતમાં કોરોના મેગેઝિનની હાલાકી ઉભી થઇ હોય સરકારને યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા તથા વેક્સિનેશન ની પ્રક્રિયા ઝડપી બનાવવાની માંગ નર્મદા આમ આદમી પાર્ટીએ કરી છે. અને આમ આદમી પાર્ટીના તમામ કાર્યકર્તાઓ ને ગુજરાતમાં રસીકરણ અભિયાન માં સરકારને મદદ કરવા માટેની તૈયારી પણ દર્શાવી છે.આ અંગે આજે રાજપીપળા ખાતે મુખ્યમંત્રીને ઉદ્દેશીને નર્મદા કલેકટર ને આવેદન આપ્યું છે.

આમ આદમી પાર્ટી નર્મદાના પ્રમુખ વિકેશભાઈ પટેલે કોરોનાના રસીકરણ ને ગંભીરતાપૂર્વક સગન અભ્યાન રૂપે હાથ ધરવા તેમજ આમ આદમી પાર્ટી દ્વારા લોક જાગૃતિ માટે રસીકરણ જાગૃતિ અભિયાન શરૂ કરવા બાબતે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરતા જણાવ્યું છે કે સમગ્ર દેશમાં કોરોના મહામારીમાં આપને લાખો સ્નેહીજનોના જીવ ગુમાવ્યા છે. લગભગ તમામ નાગરિકોના રોજગાર ધંધા પાયમાલ થયા છે.અને આજે તમામ નાગરિકો ખૂબ જ વિપરીત પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

વર્ષ ૨૦૨૦ માં જયારે કોરોનાવાયરસ આવ્યા ત્યારે સમગ્ર દેશમાં લોક ડાઉનલોડ કરવામાં આવ્યું હતું ત્યારે આ વાયરસથી લોકોને બચાવવાની તમામ મેડિકલ સુવિધાઓ ઉભી કરવાની તક હતી.પરંતુ તમારી સરકાર કરવામાં વ્યસ્ત રહી કોરોના ના પ્રથમ ઓ માં થયેલી જાનહાનિ અને સરકારની અપૂરતી તૈયારી માંથી તમારી સરકાર કોઈ બોધપાઠ લીધો નથી. તેમજ વૈજ્ઞાનિકો દ્વારા કોરોના નો બીજો એવો પણ આવી શકે છે. તેવી ચેતવણી આપ્યા પછી પણ પૂરતી તૈયારી કરવાને બદલે આપણી સરકારે કોરોના પર જાણે વિજય મેળવી લીધો હોય એમ ઉજવણી શરૂ કરી .

કોરોના થી બચવાના એકમાત્ર ઉપાય રસીકરણ હોય છતાં પણ રસીકરણ બાબત પર સરકાર ખૂબ જ ઉદાસીન અને બેદરકાર રહી છે. કોરોનાની ત્રીજી વ્યક્તિ ન આવે તે માટે ગુજરાતના તમામ નાગરિકો નું સંપુર્ણ રસીકરણ જરુરી છે.અમે આપને વિનંતી કરીએ છીએ કે જલ્દીથી ગુજરાતમાં રસીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવે સામાન્ય લોકો માટે રસી નું રજીસ્ટ્રેશન કરવું છે અપોઈમેન્ટ લેવી ખૂબ જ અઘરી છે આ સમયે રસીકરણ પ્રક્રિયાને વધુ આયોજનબદ્ધ અને સરળ બનાવવી જોઈએ .

આમ આદમી પાર્ટીના તમામ કાર્યકર્તાઓ રસીકરણ અભિયાન સરકારને મદદ કરવા માટે તૈયારી બતાવી છે. ગુજરાતને સંપૂર્ણ મુક્ત કરવું એ એક માત્ર લક્ષ્ય સાથે આમ આદમી પાર્ટી આજથી સમગ્ર ગુજરાતમાં રસીકરણ જાગૃતિ અભિયાન ની શરૂઆત કરી રહી છે. આ અભિયાન ના માધ્યમથી રસી અંગે જનતામાં રહેલી ગેરસમજ કે અફવાઓથી દુર કરી ૧૦૦% રસીકરણ કરાવવામાં મદદરૂપ થવા માગણી કરી હતી.

રિપોર્ટ : જયોતિ જગતાપ,રાજપીપળા

## સાગબારા તાલુકાના નવી ફળી ગામે

# હાઈવે રોડ ઉપર બે ટ્રક અકસ્માતમાં એકનું ઘટનાસ્થળે જ કરુણ મોત,બેને ગંભીર ઈજા

રાજપીપળા,તા.૧૦

સાગબારા તાલુકાના નવી ફન્ટી ગામે હાઈવે રોડ ઉપર બે ટ્રક વચ્ચે નડેલા અકસ્માતમાં એકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.જ્યારે બેને ગંભીર ઈજા થવા પામી છે.આ અંગે સાગબારા પોલીસ મથકમાં અકસ્માત મોત ગુનાની ફરિયાદ નોંધાઇ છે.જેમા ફરિયાદીએ અહેમદ બશીરભાઈ મલેક (રહે,સરુ સેંકશન રોડ અબુહનીફા મસ્જિદ પાસે જવાહર નગર નંબર.૨ જામનગર )એ આરોપી નજરમુદીન અહમદ શેખ (રહે, વેલદા તા.નજીર જી.તાપી) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આરોપી નજમુદીન એ પોતાના કબજામાં ટાટા ટ્રક નંબર એમ.એચ ૧૮ એમ ૮૯૭૨ પૂરઝડપે અને ગફલતભરી રીતે સામેથી રોંગ સાઈડમાં હંકારી લાવી ફરિયાદીની ટ્રક નંબર જીજે ૧૧ ઝેડ ૮૮૦૯ ને ડાબી સાઈડમાં અથાડીઅકસ્માત કર્યો હતો.જેમાં ફરિયાદી અહમદ અને ડાબા પગના ઘૂંટણ નીચે સાધારણ ઈજા પહોંચાડી તથા તેઓના ડ્રાઈવર સાહેદ ઈમરાન યુસુફભાઈ મલેક અને ડાબા ભાગે તથા કપાળના ભાગે ઈજા પહોંચાડી હતી. તથા પોતાને માથામાં કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતાના તેનું ઘટનાસ્થળ પર જ મોત નીપજયું હતું

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપળા



આજે અમારા દાદા સ્વઃ મગનભાઈ ગોકળભાઈ ઝાલા (પૂર્વ ધારાસભ્ય) ની ૧૦ મી પૂણ્યતિથિ કોરોના મહામારીમાં લોકોની સેવા માટે અમારા ભાઈ ખેડા જિલ્લા કોગ્રેસ પ્રમુખ રાજેશ ઝાલા અને પરિવાર તરફ થી એમ્બ્યુલન્સ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિત ચાવડા ના વરદ હસ્તે અર્પણ. (અહેવાલ : હરીશ રાવલ)






## નાંદોદ તાલુકાના ખામર ગામના ઉતરતા ઢાળમાં ટ્રક કોતરમાં ઉતરી જતા અકસ્માતમાં ટ્રક ચાલકનું મોત.

રાજપીપળા,તા.૧૦

નાંદોદ તાલુકાના ખામર ગામના ઉતરતા ઢાળમાં ટ્રક કોતરમાં ઉતરી જતાં સર્જાયેલા અકસ્માતમાં ટ્રકચાલકનું મોત નીપજયું છે.આ અંગે આમલેથા પોલીસ મથકમાં ફરિયાદ ઈ.ચા પોસઇ બી.આર.પટેલ આમલેથા એ આરોપી છોટેલાલ રામસેવક યાદવ (રહે,ધરવાસપુર, પો.કોલના જી. મીરઝાપુર (ઉત્તરપ્રદેશ) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આરોપી છોટેલાલ પોતાની કબજાની ટ્રક નંબર આરજે ૧૯ જીસી ૦૧૯૯ પૂરઝડપે અને બેફિકરાઈ રીતે ચલાવી રહ્યો હતો.ત્યારે વળાંકમાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રક રોડની સાઈડમાં આવેલ ઉતારી દેતા અકસ્માત સર્જાયો હતો.જેમાં પોતાને શરીરે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળ પર મોત નીપજયું હતું. આમલેથા પોલીસે અકસ્માત મોતના ગુનાની ફરિયાદ કરી કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા

# કોરોના મહામારીથી બચાવવા અંબિકા શાક માર્કેટ - પાટણ દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું.



પાટણ જિલ્લાનાં તમામ કોરોના વોરીઅર્સ એવા જિલ્લાના ડોકટરો, પોલીસ કર્મચારીઓ - અધિકારીઓ , આરોગ્ય સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓ તથા અધિકારીઓ , સફાઈ કર્મચારીઓ , તેમજ સેવાભાવી સંસ્થાઓ કે જેમણે પાટણ જિલ્લાને કોરોના મહામારીમાંથી બચાવવા અથાગ પ્રયત્નો કરી રહ્યા છે તેવા તમામ ×કોરોના વોરિયર્સ× ના લાંબા આયુષ્ય તેમજ સ્વાસ્થય માટે ભગવાન મહાદેવ ને પ્રાર્થના તેમજ નાગેશ્વર મહાદેવના મંદિરમાં મહાદેવ સમક્ષ યજ્ઞનું સુંદર આયોજન અંબિકા શાક માર્કેટના આયોજકો દ્વારા કરવામાં આવ્યું.મહાદેવને પ્રાર્થના કરી કે સમગ્ર વિશ્વને આ કોરોના મહામારી માંથી જલ્દી ઉગારે આ પ્રસંગે ખૂબ જ સેવાભાવી, ઉત્સાહી, મહેનતુ અને કર્મનિષ્ઠ એવા અંબિકા શાક માર્કેટના પ્રમુખ તેમજ કોર્પોરેટર મનોજભાઇ પટેલ , અશ્વિનભાઈ , મહેન્દ્રભાઈ તેમજ માર્કેટના સદસ્યો ઉપસ્થિત રહેલ

## વિવિધ સમિતિઓના ચેરમેનની નિમણૂક કરતા જિલ્લા ભાજપ અધ્યક્ષ.

# નર્મદા જિલ્લા પંચાયતની ૧૦જેટલી વિવિધ સમિતિઓની રચના.



રાજપીપળા,તા. ૧૦

નર્મદા જિલ્લા પંચાયતમાં ભાજપને વિજય મેળવી સત્તાના સૂત્રો ગ્રહણ કર્યા બાદ આજે નર્મદા જિલ્લા પંચાયતની ૧૦ જેટલી વિવિધ સમિતિઓની રચના કરી જેમાં વિવિધ સમિતીના ચેરમેનની નિમણૂક કર્યાની જાહેરાત જિલ્લા ભાજપના અધ્યક્ષ ઘનશ્યામ પટેલે કરી છે. જેમાં સામાજિક ન્યાય સમિતિ દિનેશભાઈ સોમાભાઈ તડવી,શાંતાબેન નવલભાઇને શિક્ષણ સમિતિ, નીલાબરીબેન રજનીકાંત પરમાર ને આરોગ્ય સમિતિ,સુભાષચંદ્ર વાસુભાઈ વસાવા જાહેર બાંધકામ સમિતિ,પર્યુશાબેન લક્ષ્મણભાઈ વસાવા અપીલ સમીતી, સોમાભાઈ હીરીયાભાઈ ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ, શ્રદ્ધાબેન શૈલેષભાઈ બારીયા મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિ,મનજીભાઈ સાકરીયાભાઈ વસાવા પક્ષના નેતા,મેહુલભાઈ વિનોદભાઈ માછી દંડક તથા સંગીતાબેન પદમબાબુ તડવી નવી સમિતિ પશુપાલન વિભાગમાં નિમણૂક કરવામાં આવી છે.રચના કરી છે. જેમાં વિવિધ સમિતીના ચેરમેનની નિમણૂક કર્યાની જાહેરાત જિલ્લા ભાજપ અધ્યક્ષ ઘનશ્યામ પટેલે સૌને અભિનંદન પાઠવી જિલ્લાના સર્વાંગી વિકાસના કામોમાં લાગી જવા અનુરોધ કર્યો હતો.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

## નર્મદા જિલ્લામાં કુલ-૪૦ પોઝિટિવ કેસ નોંધાયા

# રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૩૩ દરદીઓ અને કોવિડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૧૯ દરદીઓને આજે રજા અપાઇ




રાજપીપલાતા ૯

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસ ડૉ. આર.એસ.કશ્યપ તરફથી પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૩૦ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૦ સહિત કુલ-૪૦ પોઝિટિવ કેસ નોંધાયા છે.

રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૩૩ દરદીઓ અને કોવિડ કેર સેન્ટરમાંથી સાજા થયેલાં ૧૯ દરદીઓને આજે રજા અપાઇ છે આમ, હોમ આઇસોલેશનમા ૭૬ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૪૮ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૧૩૬ અને પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ૫૪ દરદીઓ સહિત કુલ- ૩૧૪ દરદીઓ સારવાર હેઠળ છે. આજે RTPCR ટેસ્ટમાં ૩૨૯ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૭૭૧ સહિત કુલ-૧૧૦૦ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે. પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે તા.૯ મી મે, ૨૦૨૧ ના રોજ આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૭૫,૦૯૩ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસી,તાવ, ઝાડાના દરદીઓ સહિત કુલ-કુલ-૪૯૧ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૫૪૮૧ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૫૦૦૯૧ લોકોને વિતરણ કરાઇ છે.

તસ્વીર : દીપક જગતાપ, રાજપીપલા

# કોરોના કાળમાં અંબાજી દવાખાનાના એમ.ડી.ડામોર ઘાયબ રોગી કમેટી છુપ કેમ?




હાલમાં સમગ્ર રાજયમાં કોરોના સામે લડવા માટે સરકારી મંત્રી અને સ્વયંસેવકો બધાએ કમર કસી છે ત્યારે કેટલાક અધિકારીઓ આ બધી મહેનત ઉપર પાણી ફેરવી રહ્યા છે જાણવા મળતી માહિતી મુજબ અંબાજી અને આજુબાજુ ના વિસ્તાર મા મોટાભાગે આદિવાસી પ્રજા રહે છે ત્યારે આ વિસ્તારોમાં આવેલ સરકારી આદ્યશક્તિ હોસ્પિટલમાં અંબાજી મંદિરના સહયોગથી ૫૦ બેડ ની કોવિડ હોસ્પિટલ ઉભી કરવામાં આવેલ છે અને અંબાજી મંદિરના વહીવટદાર એસ. જે. ચાવડા સાહેબની અથાદ મહેનત ના કારણે ૩૦ બેડ ઓક્સિજન વાળા બનાવવામાં આવ્યા છે અને અંબાજી મંદિર ટ્રસ્ટની ગાડીઓ દિવસ રાત ઓક્સિજન માટે દોડાવીને મુશ્કેલીના સમયમાં બનતી બધી જ સેવા કરી છે

આવા સમયે આ જનરલ હોસ્પિટલના એમડી ડોક્ટર અગમ્ય કારણોસર કોવીડ સેન્ટર ચાલુ થયું ત્યારથી જ ગેરહાજર છે આ અંગે હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટને પૂછતા જાણવા મળેલ કે એમડી સાહેબ મેડિકલ રજા ઉપર છે ત્યારે મુખ્ય સવાલ એ છે કે જ્યારે સમગ્ર તંત્ર આ મુશ્કેલી ના સમયમાં ખડે પગે સેવામાં તત્પર છે ત્યારે આ બે જવાબદાર એમડી ગેરહાજર કયા કારણોસર રહે છે હવે જો ખરેખર તેઓ બીમાર હોઈ મેડિકલ રજા લીધેલ હોય તો જે એમડી પોતે ૨૦ દિવસથી પોતાનો ઈલાજ ન કરી શકતા હોય તેઓની એમડી તરીકે ની લાયકાત પણ શંકાના દાયરામાં આવી જાય તેમ છે એટલું નહિ કદાચ આ એમડી સાહેબ પોતે કોરોના ના ડર થી તો રજા મૂકીને છુપાઈ નથી રહ્યા ને તેવા પ્રશ્નો અંબાજી વિસ્તાર માં ચર્ચાના ચકડોળે ચડેલા છે.

મંદિરના વહીવટદાર ચાવડા સાહેબ ખડે પગે રાત દિવસ જોયા વગર સેવા કરે છે તો અન્ય અધિકારી ઓ કેમ એમનું અનુકરણ નથી કરતાં

કોરોના કાળમાં મેડિકલ સ્ટાફની અછત છતાં અંબાજી હોસ્પિટલની કેસ જીતેલ નર્સને ફરજમાં હાજર કરતા કયો ગ્રહ નડે છે ???

અહેવાલઃ- રિતિક સરગરા,અંબાજી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.